નવા રચાયેલ ૭ જિલ્લાઓમાં નાયબ કલેક્ટર (મ.ભો.યો.) ને ઉપાડ અને વહેચણી અધિકારી તરીકે જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
**શિક્ષણ વિભાગ,**
ઠરાવ ક્રમાંકઃમભય-૧૦૨૦૧૪-૨૨૯-૨,
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૫ /૦૧ /૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગના તા.૨૪/૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-મભય-૧૦૨૦૧૪-૨૨૯-આર,
(૨) શિક્ષણ વિભાગના તા.૧૦/૭/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક-મભય-૧૦૨૦૦૬-૩૬૫-આર,
(૩) નાણા વિભાગના તા.૨૧/૭/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક-તજર-૧૦૦૫-૨૪૧-ઝ,
(૪) નાણા વિભાગના તા.૦૭/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક-તજર-૧૦૦૫-૨૪૧(૧૧)-ઝ,
(૫) મહેસુલ વિભાગના તા.૨૭/૦૯/૧૩ના હુકમ ક્રમાંક-મકમ/૧૦૨૦૧૩/૩૧૦૬/ન,
(૬) કમી.મ.ભો.યોના તા.૫ /૮/૨૦૧૪નો પત્ર ક્રમાંક-મભય/હસબ /૨૦૧૪/૭૦૭૦,

ઠરાવ-

સંદર્ભ-૧ માં જણાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી રાજ્યમાં નવા રચાયેલ ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓની મહેકમની જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે. રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના અસરકારક અમલીકરણ માટે નીચે જણાવેલ નવા રચાયેલ ૭ જિલ્લાઓમાં સંદર્ભ-(૫)માં જણાવેલ હુકમથી સદરહુ ૭ જિલ્લાઓમાં કલેક્ટરશ્રીઓને ખાતાના વડા જાહેર કરવામાં આવેલ છે. સંદર્ભ-(૬) જણાવેલ કમી.મ.ભો.યોના પત્રથી મહેસુલી સવર્ગ-૧ની જગ્યાના અધિકારીશ્રીઓને નાયબ કલેક્ટર (મ.ભો.યો.)ને સોપવામાં આવેલ ચાર્જ અંગેની વિગતો રજુ કરેલ છે,તથા સદરહુ જિલ્લાઓમાં મધ્યાહન ભોજન યોજના અસરકારક અમલીકરણ માટે નાયબ કલેક્ટર (મ.ભો.યો.)ને ઉપાડ અને વહેચણી અધિકારી જાહેર કરવા દરખાસ્ત કરેલ છે, જે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

| ક્રમ | નવરચિત જિલ્લાનું નામ | ઉપાડ અને વહેચણી અધિકારી જાહેર કરવાના છે તેમનો હોદો |
|---|---|---|
| ૧ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.) અરવલ્લી | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૨ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.)ગીર-સોમનાથ | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૩ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.) બોટાદ | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૪ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.)છોટાઉદેપુર | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૫ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.)મહીસાગર | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૬ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.) મોરબી | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |
| ૭ | નાયબ કલેક્ટર (મ.ભો.યો.) દેવભૂમિ દ્વારકા | નાયબ કલેક્ટર શ્રી મ.ભો.યો. |

૨/ ઉપર જણાવેલ અધિકારીશ્રીઓ તેઓના વિસ્તાર પુરતા મધ્યાહન ભોજન યોજનાના વહીવટ અને અમલીકરણ માટે સંપૂર્ણ રીતે જવાબદાર ગણાય છે. પુખ્ત વિચારણાને અંતે આમુખમાં વંચાણે લીધેલ ક્રમ-(૩) અને (૪) પરના નાણા વિભાગના ઠરાવો અન્વયે રાજ્યમાં નવા રચાયેલ ૭ જિલ્લાઓમાં ઉપર મુજબ નાયબ કલેક્ટર (મ.ભો.યો.)ને ઉપાડ અને વહેચણી અધિકારી જાહેર કરવા માટે નીચેની શરતોને આધિન આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) મધ્યાહન ભોજન યોજને લગતી તમામ કામગીરી માટેની સઘળી જવાબદારી ઉપાડ,ચુકવણી અને નિયંત્રણ અધિકારીની રહેશે.

(૨) ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠા નિગમ દ્વારા કે કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરા પાડવામાં આવતા ઘઉં, ચોખા,દાળ (કઠોળ) તે લ અન્ય ચીજવસ્તુઓ મ.ભો.યો.કેન્દ્રો સુધી પહોંચાડવાની જવાબદારી તેઓશ્રીની રહેશે.

(૪) ગ્રાન્ટ ફાળવણી,નાણા ચુકવવા,સ્થાનિક ખરીદી કરવી,તાલુકા કચેરીઓ દ્વારા ઉચ્ચક બીલોથી ઉપાડેલ નાણાના ખર્ચના વિગતવાર બીલોની ચકાસણી કરવી,તેને મંજુર કરવા વગેરે નાણાકિય લેવડ દેવડની કામગીરી તેઓશ્રીએ નિભાવવાની રહેશે.

૩/ આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧ /૧૨/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.પી.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (આબા)નાણા વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
-- પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- જિલ્લા કલેકટરશ્રી , અરવલ્લી, ગીર-સોમનાથ, બોટાદ, છોટાઉદેપુર, મહીસાગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા
-- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અરવલ્લી, ગીર-સોમનાથ, બોટાદ, છોટાઉદેપુર મહીસાગર, મોરબી ભૂમિ દ્વારકા
-- સહાયક નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અરવલ્લી, ગીર-સોમનાથ, બોટાદ, છોટાઉદેપુર, મહીસાગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા
-- નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ.
-- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
-- શાખા સિલેકટ ફાઇલ,